# દિનેશ કાર્થિકઃ જીવનકથામાંથી મળતા બિઝનેસના પાઠ

માઇન્ડ યોર બિઝનેસ
★ ડો. રિધ્ધીશ જોશી

ક્રિકેટની વાત આવે ત્યારે બ્રેડમેન, સોબર્સ, ઈમરાન, ગાવસ્કર, રિચાર્ડસ, કપિલ, સચિન, વિરાટ, સેહવાગ, યુવરાજ, પોન્ટિંગ, રોહિત, ધોની વગેરે જેવા અનેક મહાન ક્રિકેટર્સના નામ આપણી સામે તરવરે છે પરંતુ આજે આપણે એક એવા ક્રિકેટરની વાત કરીએ જે કદાચ ઉપરના લિસ્ટમાં



સ્થાન ન પામે પરંતુ એની અંગત અને વ્યવસાયિક જીવનમાં જે ઘટનાઓ ઘટી છે અને ત્યાર પછી જે એણે વાપસી કરી છે એ અવિસ્મરણીય છે. એની કેટલીક જાણી-અજાણી વાતો જાણીને જો તમે જો તમે પ્રેરિત ન થાઓ તો એક વાર તમારા ધબકારા ચકાસી જોજો. આપણે આજે વાત કરીએ દિનેશ કાર્થિકની.

**કારકિર્દીના દરેક તબક્કે તેમણે પોતાની રમત, ફિટનેસ અને કુશળતામાં સુધારો કર્યો, બિઝનેસમેને પણ એ શીખવું જોઈએ કે બદલાતા બજારમાં સફળ થવા માટે સતત નવી સ્કિલ્સ શીખવી અને પોતાને અપડેટેડ રાખવું જરૂરી છે**

## શરૂઆતી તબ્બકો

૫ સપ્ટેમ્બર ૨૦૦૪માં લંડન ખાતે ઈંગ્લેન્ડ સામે વન-ડેમાં દિનેશ કાર્થિક નામના યુવા વિકેટકીપરે ભારતીય ક્રિકેટ ટીમ માટે પદાર્પણ કર્યું. એ જ વર્ષે મહેન્દ્રસિંહ ધોનીએ પણ ભારતીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું. તે જ વર્ષે તેણે મુંબઈમાં ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ મેચમાં અને ડિસેમ્બર ૨૦૦૬ માં જોહાનિસબર્ગ ખાતે દક્ષિણ આફ્રિકા સામે ટી૨૦ માં પદાર્પણ કર્યું હતું. તે ઈન્ડિયા, દિલ્હી કેપિટલ્સ, ઈન્ડિયા એ, ઈન્ડિયા બ્લુ, ઈન્ડિયા યુ૧૯, બોર્ડ પ્રેસિડેન્ટ ઈલેવન, તમિલનાડુ, પંજાબ કિંગ્સ, મુંબઈ ઈન્ડિયન્સ, રેસ્ટ ઓફ ઈન્ડિયા, ઈસ્ટ ઝોન, સાઉથ ઝોન, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર, ઈન્ડિયા બી, ગુજરાત લાયન્સ, ઈન્ડિયા રેડ, કોલકાતા નાઈટ રાઈડર્સ, વર્લ્ડ ઈલેવન, કરાઈકુડી કલાઈ, ઈન્ડિયા સી, આઈડ્રિમ તિરુપુર તમિઝાન્સ, વગેરે જેવી ટીમો માટે રમી ચુક્યો છો. તે ખૂબ જ યુનિક બે રેકોર્ડ્સ ધરાવે છે. એક ટી૨૦ ઈન્ટરનૅશનલમાં મેન ઓફ ધ મેચ એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય ક્રિકેટર છે અને બીજો રેકોર્ડ તેની ગજબની ફ્લેક્સિબિલિટી બતાવે છે. તેણે ઓપનિંગ પોઝિશનથી નંબર ૭ સુધી બેટિંગ કરી છે.

## અંગત જીવન

તેની ક્રિકેટ કારકિર્દી પ્રગતિમાં હતી અને ૨૦૦૭માં તેણે તેની બાળપણની મિત્ર નિકિતા વણજારા સાથે લગ્ન કર્યા. દિનેશ અને નિકિતા તેમના લગ્નજીવનમાં ખૂબ જ ખુશ હતા. દિનેશ રણજી ટ્રોફીમાં તમિલનાડુની ટીમની કેપ્ટનશિપ પણ કરી રહ્યો હતો. તમિલનાડુ ટીમમાંથી તેનો નજીકનો મિત્ર હતો, જે પાછળથી ભારતીય ટીમનો ભાગ બન્યો, તે હતો, મુરલી વિજય. એક દિવસ નિકિતા દિનેશના સાથી મુરલી વિજયને મળી. નિકિતા મુરલી વિજય તરફ આકર્ષાઈ હતી. નિર્દોષ દિનેશને આ વાતનો ખ્યાલ નહોતો. નિકિતા અને મુરલીની નિકટતા વધી અને ટૂંક સમયમાં જ તેઓએ અફેર શરૂ કર્યું. તેઓ ખુલ્લેઆમ મળવા લાગ્યા. દિનેશ ઉપરાંત તમિલનાડુની આખી ટીમ જાણતી હતી કે મુરલી વિજયનું દિનેશની પત્ની નિકિતા સાથે અફેર હતું. પછી વર્ષ ૨૦૧૨ આવ્યું. નિકિતા ગર્ભવતી બની. પરંતુ તેણે બાળક મુરલી વિજયનું હોવાનું જાહેર કરીને સૌને ચોંકાવી દીધા હતા. દિનેશ કાર્થિક વિખેરાઈ ગયો હતો. તેણે નિકિતાને છૂટાછેડા આપી દીધા. છૂટાછેડાના બીજા જ દિવસે નિકિતાએ મુરલી વિજય સાથે લગ્ન કર્યા અને માત્ર ૩ મહિના પછી, તેણીએ તેમના બાળકને જન્મ આપ્યો.

## હતાશા અને નિરાશા

દિનેશ કાર્થિક ડિપ્રેશનમાં સરી પડ્યો. તેને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ થવા લાગી. તે તેની પત્ની અને મિત્ર મુરલીના દગોને આસાનીથી ભૂલી શક્યો ન હતો. તે સવારથી રાત સુધી દારૂ પીતો હતો. તે એકાંતિક બની ગયો. તેને ભારતીય ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. તે રણજી ટ્રોફીમાં પણ નિષ્ફળ રહ્યો હતો. તેની પાસેથી તમિલનાડુ ટીમની કેપ્ટનશીપ છીનવાઈ ગઈ હતી. મુરલી વિજયને નવો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. નિષ્ફળતાનો તબક્કો ત્યાં અટક્યો ન હતો; તે આઈપીએલમાં પણ રમ્યો નહોતો. તેણે જીમ જવાનું બંધ કરી દીધું. અંતે દિનેશ એટલો નિરાશ થઈ ગયો કે તેણે આપઘાતની વાત શરૂ કરી દીધી હતી.

## પર્સનલ કમબેક

પછી એક દિવસ, જીમમાંથી તેનો ટ્રેનર તેના ઘરે આવ્યો. તેણે દિનેશ કાર્થિકને ખરાબ હાલતમાં જોયો. તે દિનેશને સીધો જિમમાં લઈ ગયો. દિનેશે ના પાડી, પરંતુ તેના ટ્રેનરે તેની વાત સાંભળી નહીં. એ જ જીમમાં ભારતીય સ્ક્વોશ ચેમ્પિયન દીપિકા પલ્લીકલ આવતી હતી. જ્યારે તેણે દિનેશ કાર્થિકની હાલત જોઈ તો તેણે ટ્રેનરની સાથે તેનું કાઉન્સેલિંગ પણ શરૂ કર્યું. ટ્રેનર અને દીપિકાની મહેનતનું પરિણામ દેખાવા લાગ્યું. દિનેશ કાર્થિક સુધારાના માર્ગે હતો. આ દરમિયાન મુરલી વિજયની રમત સતત ઘટી રહી હતી. બીજી તરફ મુરલી વિજયને ભારતીય ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો હતો. બાદમાં તેનું ખરાબ ફોર્મ જોઈને ચેન્નાઈ સુપર કિંગ્સે પણ તેને આઈપીએલમાંથી બહારનો રસ્તો બતાવ્યો હતો.

અભિષેક નાયરે દિનેશને એવી પરિસ્થિતિઓમાં મૂક્યો જે તેના કમ્ફર્ટ ઝોનની બહાર હતી. ડીકે મદદ માટે નાયર પાસે ગયા અને આ તેનો જ એક ભાગ હતો. નાયર ડીકેને પુશ અપ્સ અથવા થોડી તાલીમ કરાવતો જ્યારે તે ટીવી જોવામાં સમય કાઢતો હતો, અથવા જ્યારે તેઓ વાત કરતા બહાર લટાર મારતા હતા ત્યારે તેમને એક કિમી દોડાવતા અથવા જમ્યા પછી તરત જ તેમને સીડી ચઢવા માટે કહેતા. ડીકેએ કહ્યું કે તેનાથી તેને મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવામાં અને બહાર આવવામાં મદદ મળી.

બીજી તરફ દીપિકા પલ્લીકલના સમર્થનથી દિનેશ કાર્થિકે નેટ પર જોરશોરથી પ્રેક્ટિસ શરૂ કરી હતી. તેની અસર થવા લાગી અને દિનેશ કાર્થિકે ડોમેસ્ટિક ક્રિકેટમાં મોટો સ્કોર શરૂ કર્યો. ટૂંક સમયમાં, તે આઈપીએલમાં પણ પસંદ થઈ ગયો અને કોલકાતા નાઈટ રાઈડર્સનો કેપ્ટન બન્યો. તે દીપિકા પલ્લીકલની ખૂબ નજીક બની ગયો હતો. તેણે દીપિકા સાથે લગ્ન કર્યા.

## પ્રોફેશનલ કમબેક

તેની ઉંમર પ્રમાણે દિનેશ ક્રિકેટમાં વૃદ્ધ થઈ ગયો હતો. ભારતીય ક્રિકેટ ટીમમાં રિષભ પંત પહેલા જ આવી ચુક્યો હતો. કાર્થિકને સમજાયું કે તેની કારકિર્દી લગભગ સમાપ્ત થઈ ગઈ છે. તેણે ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો. બીજી તરફ તેની પત્ની દીપિકા પલ્લીકલ ગર્ભવતી બની હતી અને તેણે જોડિયા બાળકોને જન્મ આપ્યો હતો. દીપિકાની સ્ક્વોશ કારકિર્દી પણ અટકી ગઈ હતી.

દીપિકા અને દિનેશ કાર્થિકને ચેન્નાઈના પોશ વિસ્તાર પોઈસ ગાર્ડનમાં બંગલો જોઈતો હતો. ૨૦૨૧માં ચેન્નાઈના આ જ વિસ્તારમાં હવેલી ખરીદવાની ઓફર આવી હતી. દિનેશે તેને ખરીદવાનું નક્કી કર્યું. સૌને આશ્ચર્ય થયું કે જ્યારે દીપિકા અને દિનેશ બંને રમતગમતની દુનિયામાંથી લગભગ નિવૃત્ત થઈ ચૂક્યા હતા ત્યારે આટલો મોંઘો સોદો કેવી રીતે પૂરો કરશે? ત્યાર બાદ દિનેશને માહિતી મળી કે ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી મહેન્દ્ર સિંહ ધોની તેને વિકેટકીપર તરીકે ટીમમાં પાછો જોવા માંગે છે. ૨૦૨૨ આઈપીએલ માટે હરાજી શરૂ થઈ. પરંતુ આ વખતે ચેન્નાઈને બદલે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે તેને ખરીદ્યો હતો. દિનેશની પત્ની દીપિકાએ પણ રમવાનું શરૂ કર્યું, અને તેમના જોડિયા બાળકોના જન્મના માત્ર ૬ મહિના પછી, તેણે ગ્લાસગોમાં વર્લ્ડ ચેમ્પિયનશિપમાં જોશના ચિનપ્પા સાથે મહિલા ડબલ્સનું ટાઈટલ જીત્યું. ધોની અને પંત જેવા વિકેટકીપરની હાજરી વચ્ચે પણ તેણે એક બેટ્સમેન તરીકે કમબેક કર્યું અને આજે પણ ડીકે ટીમમાં રમી રહ્યો છે.

## દિનેશ કાર્થિકના જીવનમાંથી શીખવાના બિઝનેસ લેસન્સ

૧. સૌ પ્રથમ તો એના જીવનમાંથી એ શીખવા મળે છે કે નિષ્ફળતા અંત નથી, નવી શરૂઆત છે. જીવનમાં વ્યક્તિગત અને વ્યાવસાયિક પડકારો છતાં દિનેશ કાર્તિકે હાર ન માની અને મજબૂત વાપસી કરી. તો આપણે સમજવું જોઈએ કે નિષ્ફળતા પછી ઝડપથી શીખો, સુધારા કરો અને ફરી આગળ વધો.

૨. બીજો મહત્ત્વનો પાઠ એ મળે છે કે સતત પોતાને અપગ્રેડ કરો. કારકિર્દીના દરેક તબક્કે તેમણે પોતાની રમત, ફિટનેસ અને કુશળતામાં સુધારો કર્યો, બિઝનેસે પણ એ શીખવું જોઈએ કે બદલાતા બજારમાં સફળ થવા માટે સતત નવી સ્કિલ્સ શીખવી અને પોતાને અપડેટ રાખવું જરૂરી છે.

૩. સૌથી મહત્ત્વનો પાઠ છે કે તૈયારી અને ધીરજ સફળતાની ચાવી છે. લાંબા સમય સુધી તકની રાહ જોઈ પરંતુ તક મળતા જ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું. બિઝનેસમાં યોગ્ય તક મળ્યા પહેલાં પણ સતત તૈયારી કરતા રહો; તક આવે ત્યારે જ સફળતા મળે છે. જો તમે તક મળ્યા પછી તૈયારી શરૂ કરશો તો તક હાથમાંથી સરકી જશે.

કાર્તિકનું જીવન ઊઠવું, પડવું, ફરીથી ઊઠવું વગેરેની એક આદર્શ વાર્તા છે. મારે ડીકેના જીવન પર બનેલી બીઓપીક જોવી છે.